

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

*નેતાશ્રીઓને રાંકમાંથી રાવન કરી જાય છે,*
*બદનામીના ડાઘે મેલું, દામન કરી જાય છે.*
*આવન-જાવનથી થાય ધનવર્ષા સાવનની -*
*પાંચ વર્ષે, આવીને કુંભ, પાવન કરી જાય છે...*
*(પ્રયાગ સ્નાન માટે નેતાઓની પડાપડી)*

### હાઈકુ

*ધોવાં પડે છે!*
*પાપીનાં પાપ પણ -*
*બિચારી ગંગા !*

*બેઠી બજાર*
*લૂંટવા, લૂંટો હવે -*
*ચોવી કલાક !*

### ચિંતન

***ન યોગેન ન સાંખ્યેન કર્મણા નો ન વિધયા ।***
***બ્રહ્માત્મૈકત્વબોધેન મોક્ષ: સિદ્ધયતિ નાન્યથા ॥***

**ઉપરોક્ત શ્લોક વિવેકચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**મોક્ષ ન યોગથી, ન સાંખ્યથી, ન કર્મથી કે ન વિદ્યાર્થી સિદ્ધ થાય. એ તો બ્રહ્મ અને જીવાત્માની એકતાના જ્ઞાનથી જ સિદ્ધ થાય છે. બીજા કોઈ ઉપાયથી નહિં.**

**યોગ-ધ્યાન-તપ-શિક્ષણ-અભ્યાસ પુરાણોનું પઠન એ બધાંથી મોક્ષ થતો નથી જે ક્ષણે દિવ્યજ્ઞાન થાય કે હું શરીર નથી આત્મા છું પરમ-આત્માનો 'અંશ' જ છું તેથી જ હું પરમહંસ છું એટલી ચોક્કસ સમજ આવી જાય ત્યારે જ મોક્ષ - મુક્તિ મળી જાય છે.**

### સુવિચાર

- જીવતાં મોક્ષ એટલે ભયંકર ઉપાધિમાં સમાધિ રહે છે તે - **આપ્તસૂત્ર**
- સત્ય અને ન્યાય માટે ઉત્કંઠા રાખવી તેનું નામ જ સિદ્ધાંત - **હેજલિટ**
- ભાગ્યને ભરોસે બેસી રહેવાથી ભાગ્ય પણ બેસી રહે છે,
  હિંમત બાંધીને ઊભા થઈ જવાથી બાગ્ય પણ ખડું થઈ જાય છે - **નવનીત**
- પ્રવૃત્તિ-નિવૃત્તિ, કાર્ય-અકાર્ય, ભય-અભય, તથા બંધન-મોક્ષ આ બધાનું રહસ્ય જે બુદ્ધિ જાણે છે તે સાત્ત્વિક બુદ્ધિ કહેવાય છે - **શાસ્ત્રવાણી**
- મોહમાયાનાં મૃગજળ પાછળ માનવમન મૃગ બની જાય છે - **શંકરાચાર્ય**
- મૃત્યુ શરીરની રક્ષા કરનારા ઉપર, અને પૃથ્વી ધનની રક્ષા કરનારા ઉપર હસે છે - **સુભાષિત**
- આજનું ઔષધ : જાંબુડીના પાનનો રસ ગોળ મેળવીને પીવાથી પિત્ત શમે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

ગેરસમજમાં પરંપરાઓને ચલાવ્યા કરવાને બદલે તેને સમજદારીની કસોટી પર તાર્કીક રીતે કસવી જોઈએ. તો જ પરંપરાનો ખરો મર્મ અને અર્થ આપણે સમજી શકીએ. એક વ્યક્તિએ પોતાના દીકરાના લગ્નમાં સગાસંબંધીઓ અને મિત્રોને પ્રીતિ ભોજનમાં આમંત્રિત કર્યા. ભવ્ય ભોજન સમારંભની તમામ વ્યવસ્થા ઉત્તમ રીતે કરવામાં આવી હતી. વિવિધ પકવાન, ફરસાણ, મિઠાઈઓ તેણે ભોજન માટે તૈયાર કરાવી હતી. આમ છતાં તેના ચહેરા પર પરેશાની જોઈ શકાતી નથી. તેણે પરેશાન જોઈ એક વૃદ્ધ વડીલે તેને પરેશાનીનું કારણ પૂછ્યું ત્યારે યજમાને કહ્યું, 'મારે એક બિલાડીની જરૂરત છે, અને તે મળતી નથી.' વડીલે પૂછ્યું, 'કેમ બિલાડી જોઈએ છે?' તેની કોઈ વાનગી બનાવી છે. કે બિલાડી ને ચોકી પહેરા માટે રાખવાની છે? યજમાને જવાબ આપતા કહ્યું, 'અરે ના વડીલ, અમારે ત્યાં પરંપરા છે કે જયારે પણ મારે ત્યાં લગ્ન પ્રસંગ હોય ત્યારે ભોજન બનાવવાના સ્થાન પર બિલાડીને ટોપલીમાં બંધ કરીને રાખવી પડે. અમારા દાદાના વખતથી આ પરંપરા ચાલી આવી છે. મારે પણ એ પરંપરા ચાલુ રાખવા બિલાડીની શોધ કરવાની છે.' વડિલે કહ્યું, 'ભાઈ, વર્ષો પહેલાં જયારે તારા પિતાના લગ્ન થયા ત્યારે હું કિશોર વયનો હતો. મને સારી રીતે યાદ છે કે જયાં ભોજન બની રહ્યું હતું ત્યારે ત્યાં અચાનક એક બિલાડી આવી ગઈ, તે કયાંક ભોજનને નુકશાન ન કરે તે હેતુથી તેને ટોપલીમાં બંધ કરી દેવામાં આવી હતી. તેમની આ સમજદારીને કદાચ તારા પિતાએ પરંપરા સમજવાની ભૂલ કરી દીધી હશે.'

# ચંદ્રાબાબુના ધરણાં વિપક્ષી એકતાનો મંચ

**તંત્રીસ્થાનેથી...**

આંધ્ર પ્રદેશ દેશનો એક વિશિષ્ટ ભૂખંડ છે. 'આંધ્ર બિડ્ડા' ની ઓળખ ધરાવતા પી.વી. નરસિંહ રાવે પાંચ વર્ષ લગી રાષ્ટ્રનું સુકાન સંભાળી આશ્ચર્ય સર્જ્યું હતું. એમની પાસે વર્તમાન વડાપ્રધાન જેવી રાક્ષસી બહુમતી નહોતી. ગાંધી-નહેરુ પરિવારની હૂંફ પણ નહોતી બલકે અર્જુનસિંહ જેવા પ્રચંડ વિરોધીઓ સરકારમાં જ રહીને ડગલેને પગલે પરેશાન કરતા હતા. પરંતુ અનેક ભાષાઓના જ્ઞાતા એવા આ નીવડેલા રાજપુરુષે પરસ્પર વિરોધી વિચારધારા અને અંગત હિતો ખાત કોઈ પણ હદે જઈ શકતા પ્રાદેશિક પક્ષોના ટેકાથી પૂરા પાંચ વરસ સુધી સફળતાપૂર્વક સરકાર ચલાવી હતી એટલું જ નહીં, એમણે પરંપરા તોડીને ભારતને વૈશ્વિક ખુલ્લાપણું બક્ષવાનું હિંમતભર્યું પગલું ભર્યું હતું. ડૉ. મનમોહનસિંહ જેવા વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રીને એમની શરતોએ નાણાં ખાતું સોંપી દઈ નરસિંહરાવે હકીકતમાં ભારતીય અર્થતંત્રને એક નવી જ દિશા આપી હતી. નરસિંહ રાવે આંધ્રનું પ્રતિનિધિત્વ રાષ્ટ્રીય સ્તરે કર્યું પરંતુ એમના પહેલા રાજીવ ગાંધીના શાસનકાળ દરમિયાન આંધ્રપ્રદેશની અસ્મિતાના પ્રતીક બની રહ્યા હતા નંદમુરિ તારક રામરાવ - ટૂંકમાં 'એનટીઆર.' એમણે ફિલ્મોમાં કરેલા દેવ પાત્રોના રોલથી પ્રજા એટલી અભિભૂત હતી કે એમણે ઈશ્વરની જેમ પૂજવા લાગી હતી. એનટીઆર મૂળે અભિનય સમ્રાટ પણ એમણે 'તેલુગુ દેશમ'ની સ્થાપના કરીને પ્રાદેશિક પક્ષોના મહત્ત્વનો રાષ્ટ્રીય સ્તરે સ્વીકાર કર્યો હતો. કોંગ્રેસને આંધ્ર પ્રદેશમાંથી ભગાડી મૂકનાર આ સિનેનાયકના જમાઈરાજે એમનો રાજકીય વારસો જાળવી આંધ્રપ્રદેશમાં તેલુગુ દેશમ જેવી પ્રાદેશિક પાર્ટીનું સંવર્ધન કર્યું છે. તેઓએ આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી તરીકે રાજયને ટેકનોલોજી ક્ષેત્રે ટોચના સ્થાને મૂકી વિકાસની ગાથા રચીહતી. મૂળે કોંગ્રેસની વિરુદ્ધ ઊભી થયેલી પાર્ટી હવે મોદી શાસન સામે શિંગડાં ભરાવી રહી છે એનું કારણ ગત લોકસભાની ચૂંટણી ટાણે એને અપાયેલ આંધ્રપ્રદેશના વિશેષ રાજય દરજ્જા મુદ્દે કોઈ જ પ્રગતિ થઈ શકી નથી, તે છે. ચંદ્રાબાબુ આંધ્રપ્રદેશના વિભાજનના વિરોધી હતા અને ભારતીય જનતા પાર્ટી પણ ત્યારે એની તરફેણમાં હતી. પરંતુ ચંદ્રશેખર રાવના ઝનૂની નેતૃત્વ હેઠળ અલગ તેલંગાણાની માગ તત્કાલીન યુપીએ સરકારે માન્ય રાખવી પડી હતી. આથી એક જ રાજયના જે બે ભાગલા પડ્યા એમાં હૈદરાબાદ જેવું આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ટેકનોલોજીનું હબ ગણાતું પાટનગર તેલંગાણાના ભાગમાં જતા બાકી બચેલાં આંધ્ર માટે ચંદ્રાબાબુ નાયડુ વિશેષ દરજ્જો માગતા રહ્યા છે. ચૂંટણી વચન સ્વરૂપે દરેક ખાતેદારના એકાઉન્ટમાં પંદર લાખ જમા કરાવવાના 'જુમલા' જેવી જ વચનલહાણી કરીને વડાપ્રધાન પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ તેલુગુ દેશમ્ પાર્ટીનો એનડીએ સાથેનો જૂનો સંબંધ વધુ દૃઢીભૂત કર્યો હતો. પાંચ વર્ષના શાસનકાળ દરમિયાન ચંદ્રાબાબુનું ભ્રમ નિરસન થઈ ચૂક્યું છે અને એમણે આયોજનપૂર્વક યુપીએ સાથે રહેવાનું મન બનાવ્યું છે બલકે ભાજપ વિરુદધ રાષ્ટ્રી સ્તરે મહાગઠબંધન રચાઈ રહ્યું છે એના પ્રમુખ નેતાઓની હરોળમાં એમનું નામ ઊભરી આવ્યું છે. મમતા બેનરજી હોય કે અખિલેશ-માયાવતી અથવા આમ આદમી પાર્ટી - ચંદ્રાબાબુની હાજરીથી તેઓ ભારે આસાયેશ અનુભવે છે. એટલે જયારે મોદીએ આંધ્રપ્રદેશમાં જઈ ચંદ્રાબાબુની સામે ઝેર ઓક્યું ત્યારે જરાયે વિચલિત થયા વિના ચંદ્રાબાબુએ રાજધાની દિલ્હીમાં આંધ્ર ભવન ખાતે જ ધરણાં કરીને વડાપ્રધાન મોદી 'રાજધર્મ' ચૂકી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. એમણે પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીએ ગુજરાતનાં રમખાણો વખતે તત્કાલીન મુખ્યમંત્રી મોદીને 'રાજધર્મ' પાળવાની શિખામણ આપેલી તે યાદ કરાવ્યું છે. રાહુલ ગાંધી અને ડૉ. મનમોહનસિંહ ઉપરાંત પ્રાદેશિક પક્ષોના મમતા-અખિલેશ-માયાવતી જેવા નેતાઓ અને 'આપ'ના અરવિંદ કેજરીવાલની હૂંફ કે હાજરી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી સંદર્ભે મહાગઠબંધનના ઊજળા ભાવિની આગાહી સમાન છે.

# તમને પત્ની અને જિંદગીની કેટલી ચિંતા છે કે... તમે માથા પર હેલ્મેટ પહેરી છે



## નવાં કલેવર

નટવર હેડાઉ

તે એક ગામડાંનો હતો. ગામડું શહેરની નજીકમાં જ હતું. કોઈ પણ કામકાજ માટે કે ખરીદી માટે તેને અવારનવાર શહેરમાં આવવું પડતું. તેની પત્ની પણ ગામડાંની હતી. તે શહેર વિષે વાત તેને કયારેય કરતો નહીં. તે તેને પોતાની સાથે બહુ ઓછી લઈ જતો. તેની પત્ની હંમેશા ઘરકામમાં વ્યસ્ત રહેતી. જયારે કયારરેક તેને સાથે શહેરમાં લઈ જાય ત્યારે તેની પાસે સામાન ઉપડાવતો. તે તેની દરેક વાત માનતી. પતિનો પડ્યો બોલ ઝીલતી. તે સિવાય બીજી કોઈ વાતમાં તેને રસ પણ ન હતો. તેને પણ એટલો ભરોસો હતો કે તેની પત્ની તેનો બોલ્યો બોલ કયારેય ઉથાપશે નહીં.

ગામડેથી આમ તો તેઓ બંને બસમાં કે પછી છકડામાં બેસીને જતા. પરંતુ બસ સમયસર આવતી નહીં સાંજે મોડે બસ ન મળે તો હેરાન થવું પડતું. છકડો કાચા રસ્તા પર બે વખત પલટી ખાઈ ગયા બાદ તેમાં બેસતાં હવે તેને ડર લાગવા લાગ્યો હતો. તેથી સસ્તી બેંક લોન મળતાં તેણે બાઈક ખરીદી લીધું.

હવે શહેરમાં જવાનું થાય એન ઘરની ઘરવખરી તેમજ કરિયાણાનો સામાન ખરીદવાનો થાય ત્યારે તે પોતાની પત્નીને સાથે લઈ જતો. શહેરમાંથી બહાર નીકળતાં જ તે હેલ્મેટ પોતાના માથા પરથી ઉતારી પત્નીને પકડાવી દેતો. આજે તેણે એમ જ કર્યું ત્યારે પત્નીએ ધીમેથી કહ્યું 'હેલ્મેટ તમારે પહેરવી જોઈએ.'

'કેમ તને પકડતાં જોર આવે છે?'

'ના, પણ આ બધા સામાન સાથે ?' તેણે સામાન બતાવ્યો ?

'કંઈ નહીં માથે પહેરી લીધી, ઘેર પહોંચીને આજે તારી ખેર નથી.' કહેતાં ગુસ્સામાં બાઈકને કીક મારી ચલાવી મૂક્યું.

હજુ થોડે જ દૂર ગયાં હશે ત્યાં સામે પોલીસની ગાડી ઊભી હતી. પોલીસે હાથ બતાયો એટલે એ ઊભો રહી ગયો. એક પોલીસમેન તેની નજીક આવ્યો. તેણે તેના હાથમાં ગુલાબનું ફૂલ આપ્યું અને કહ્યું, 'ભાઈ તમે કેટલા સારા છો. તમને તમારી પત્ની અને જિંદગીની કેટલી ચિંતા છે કે તમે માથા પર હેલ્મેટ પહેરી છે. આ સામે જૂઓ, પેલી બાઈક સામે રસ્તા પર પડી છે તેના પર પતિ-પત્ની બેઠેલાં હતા. બંને પૂરઝડપે જતાં હતા. પતિના માથાને બદલે બેલ્મેટ તેની પત્નીના હાથમાં હતી. દેખાવે બંને ખૂબ ભણેલાં ગણેલાં લાગતા હતા. તે બંનેને હમણાં જ '૧૦૮' દ્વારા હોસ્પિટલે મોકલ્યાં છે.'

'પરંતુ આ ગુલાબમનું ફૂલ ?' તેણે પ્રશ્ન કર્યો.

'આજે વેલેન્ટાઈનડે' છે. પ્રેમનું પર્વ તેમાં તમે બંને સમજદારી પૂર્વક જઈ રહ્યા છો તેની શુભેચ્છા રૂપે. આપ્યું છે.' પોલીસમેને કહ્યું.

'તેણે પ્રેમપૂર્વક ગુલાબનું એ ફૂલ પોતાની પત્નીને આપ્યું.'

તેણે પત્નીની તરફ જોયું. તેના ઈન્કારમાં જિંદગી હતી.

પોલીસમેન પ્રેમનો આ ઉત્સવ જોઈ રહ્યો.

# અપેક્ષાશૂન્ય સંબંધો અંતે વ્યવહારશૂન્ય સંબંધો બની જતાં હોય છે



## આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
amlani2000@yahoo.co.uk

**(ગતાંકથી ચાલુ)**

આપણી અપેક્ષાઓ થકી આપણી અંદર એક માનસિક સંઘર્ષ પેદા થતો હોય છે. અપેક્ષા રાખવી કે ના રાખવી? અપેક્ષા રાખવી તો કોની પાસેથી રાખવી અને કોની પાસેથી ના રાખવી? અપેક્ષા રાખવી તો કેટલી રાખવી? આપણી અપેક્ષાઓ વધુ પડતી તો નથી ને? આ બધા જ પ્રશ્નો થકી આપણાં મનમાં એક દ્વંદયુદ્ધ ચાલતું રહેતું હોય છે. આ દ્વંદયુદ્ધ સતત ચાલ્યા જ કરે છે કારણ કે આપણી અપેક્ષાઓ પણ અંતહીન હોય છે.

આપણી કેટલીક અપેક્ષાઓ એવી હોય છે કે જેને પૂરી કરવા માટે સ્નેહીનનને કોઈ નિશ્ચિત સમયગાળો પણ જોઈએ. એ વાસ્તવિક્તા આપણે પણ જાણતા હોઈએ છીએ છતાં આપણી અપેક્ષાઓ તાબડતોબ પૂરી થાય એવો ઘણીવાર આગ્રહ રાખતા હોઈએ છીએ. આપણી જે કઈ અપેક્ષાઓ હોય એ સ્નેહીજન પૂરી કરી શકે તેના માટે તેને પૂરતો સમય તો આપવો પડે ને? સ્નેહીજનને પૂરતો સમય ના આપીએ અને આપણી અપેક્ષાઓ પૂરી થાય એવો આગ્રહ રાખીએ એમાં ક્યાંનો ન્યાય? આપણી એ પ્રકારની મનોવૃતિને આપણે ક્યારેય વાજબી ઠેરવી શકીએ નહીં.

આપણે જે કઈ અપેક્ષાઓ રાખીએ એ અપેક્ષાઓ પણ આપણી જરૂરિયાત મુજબની હોય તો એ વાજબી ગણી શકાય. માત્ર મોજશોખ, સમય પસાર કરવા, સ્નેહીજનને પરેશાન કરવા, સંબંધોની કસોટી કરવા, સ્નેહીજનનો સમય; શક્તિ અને પૈસા બરબાદ કરવા માટે જ અપેક્ષાઓ રાખીએ તો લાંબા ગાળે આપણાં સંબંધોને નુકશાન પહોંચી શકે છે. સ્નેહીજનો પાસેથી આપણે વાજબી અપેક્ષાઓ રાખીએ એમાં કશું ખોટું નથી પણ ગેરવાજબી અપેક્ષાઓ રાખીને સ્નેહીજનોને મુશ્કેલીમાં મૂકવાનો આપણને હરગિજ અધિકાર નથી.

ઘણીવાર આપણી અપેક્ષાઓ સ્નેહીજનપુરી કરી શકે તેના માટે તેને આપણાં સાથ અને સહકારની પણ આવશ્યકતા હોય છે. આપણી અપેક્ષાઓ સ્નેહીજન પૂરી કરી શકે તે માટે જરુરી અને પૂરતો સાથ–સહકાર આપવો પણ આપણી ફરજ બને છે.

જેવી રીતે આપણે આપણાં સ્નેહીજનો પાસેથી અપેક્ષાઓ રાખીએ છીએ એવી જ રીતે આપણાં સ્નેહીજન પણ આપણી પાસેથી અપેક્ષાઓ રાખતા હોય એ સ્વાભાવિક છે. આપણાં સ્નેહીજનની અપેક્ષાઓ પૂરી કરવી એ પણ આપણી એટલી જ ફરજ બનતી હોય છે. માત્ર આપણે આપણી અપેક્ષાઓ રાખ્યા કરીએ અને આપણાં સ્નેહીજનની અપેક્ષાઓ પ્રત્યે આપણે દરકાર જ ના કરી એ તો એ સંબધો એકપક્ષીય બનીને રહી જતાં હોય છે. બંનેની અપેક્ષાઓ વચ્ચે સંતુલન હોય તો સંબંધો વધારે મજબૂત બનતા હોય છે. આપણે અપેક્ષાઓ રાખીને સ્નેહીજન પાસેથી માત્ર લઈ લેવામાં જ માનીએ અને આપવાની વાત આવે ત્યારે મો ફેરવી લઈએ તો એ સંબંધોમાં સંતુલન ખોરવાઈ જતું હોય છે.

આપણે આપણાં સ્નેહીજનની અપેક્ષાઓ પૂરી કરીએ એટલું જ માત્ર પૂરતું નથી, તેઓની અપેક્ષાઓને પૂરતું સન્માન આપીએ તો અને તો જ આપણે એ સંબંધોનો આનંદ માણી શકીએ. આપણી આપેક્ષાઓ જેટલી મહત્વની છે એનાથી વિશેષ મહત્વ આપણાં સ્નેહીજનની અપેક્ષાઓનું હોય છે એટલું જો આપણે સમજી લઈએ તો આપણાં સંબધો એક વિશેષ ઊંચાઈએ પહોચી શકે છે.

આપણે જ્યારે સ્નેહીજન પાસેથી અપેક્ષાઓ રાખીએ છીએ ત્યારે આપણી એ અપેક્ષાઓ પૂરી કરવા માટે સ્નેહીજન ઉપર નૈતિક દબાણ રહેતું હોય છે. એ દબાણ હકારાત્મક રાખવું કે નકારાત્મક તેનો આધાર અપેક્ષા રાખનાર વ્યક્તિ એટલે કે આપણાં ઉપર રહેતો હોય છે. આપણાં સંબંધોમાં અપેક્ષાઓ હોય એ સ્વાભાવિક છે પણ એ અપેક્ષાઓની આપણાં સ્વજનો ઉપરના નૈતિક દબાણને કારણે નકારાત્મક અસરો ઊભી ના થાય અને તેને કારણે તેઓ માનસિક તાણ ના અનુભવે એ જોવાઈ જવાબદાર આપણી રહે છે.

જે સ્વજન પાસેથી આપણે અપેક્ષા રાખીએ એ સ્નેહીજન પોતાના તમામ પ્રકારના સન્નિષ્ઠ પ્રયાસો કરે અને છતાં આપણી અપેક્ષાઓ પૂરી ના કરી શકે તો તેઓ અપરાધભાવ અનુભવતા હોય છે. આ પ્રકારની પરિસ્થિતિમાં સ્નેહીજનને આશ્વાસન આપવું આપણી ફરજ બને છે. તેઓ ભલે અપેક્ષાઓ પૂરી ના કરી શક્યા પણ તેની અસર સંબંધો ઉપર નહીં પડે એવી ખાતરી આપી શકીએ તો ભવિષ્યમાં એ સંબંધીઓ બમણા જોરથી આપણી વાજબી અપેક્ષાઓ પૂરી કરવા પ્રયત્ન કરશે.

આપણી અપેક્ષાઓને આપણી સંવેદનાઓ સાથે સીધો સંબંધ છે. આપણાં સ્નેહી સાથેના આપણાં લાગણી અને સ્નેહના સંબંધો હોય તો જ આપણે તેઓની પાસેથી અપેક્ષાઓ રાખીએ છીએ. આપણાં તેનીસાથેના માત્ર ઉપરછલ્લા હશે તો તેમાં અપેક્ષાઓને અવકાશ ના હોય શકે. અપેક્ષાઓ જાગે છે ત્યારે આશા, ઉત્સાહ, જિજ્ઞાસા, જેવી લાગણીઓ મનમાં ઉદભવે છે. જ્યાં સુધી આપણી અપેક્ષાઓ પૂરી ના થાય ત્યાં સુધી આપણી એ લાગણીઓ તીવ્ર બનતી જાય છે. અપેક્ષાઓ પૂરી થાય છે ત્યારે એ જ લાગણીઓનું સંતોષ, આનંદ અને ખુશીમાં પરિવર્તન થાય છે. સાથે સાથે સ્નેહીજન સાથેના પ્રેમ અને સ્નેહ વધારે ગાઢ બને છે. અપેક્ષાઓ જો પૂરી ના થાય તો આપણે કદાચ નિ:રાશાની ઊંડી ગર્તામાં ધકેલાઇ જઈએ છીએ, નિરુત્સાહી થઈ જઈએ છીએ અને સ્નેહીજન પ્રત્યે ગુસ્સો આવે છે, કદાચ તેના પ્રત્યે નફરત પણ ઊભી થઈ શકે છે. આમ અપેક્ષાઓ એ આપણી સંવેદનાઓની ઉદીપક છે અને તેને કારણે જ આપણે આનંદ કે દુ:ખની લાગણી અનુભવતા હોઈએ છે. આપને ભલે અપેક્ષાઓને અંકુશમાં ના રાખી શકીએ પણ અપેક્ષાઓ રાખીએ ત્યારે લાગણીઓને જો કેળવી શકીએ તો એ આપણી એક મોટી સફળતા ગણાશે.

માનવીય સંબધોમાં પરસ્પર અપેક્ષા રાખવી, જે અપેક્ષાઓ રાખીએ તેને અભિવ્યક્ત કરીએ, જે સ્નેહીજનો પાસેથી અપેક્ષા રાખીએ તે તેઓની ક્ષમતા પ્રમાણે અપેક્ષા રાખીએ, આપણી અપેક્ષાઓ સ્નેહીજન પૂરી કરી શકે તે માટે તેઓને પૂરતો સમય આપીએ કે અને સ્નેહીજનની અપેક્ષાઓ પણ પૂરી કરવા આપણે સતત પ્રયત્નો કરીએ તો આપણાં સંબધો દિવ્ય બની શકે છે.



## થોટ

નટવર આહલપરા

### વિશ્વાસઘાત - દગો

**વિશ્વાસે વહાણ ચાલે પણ વિશ્વાસઘાત - દગો થાય ત્યારે નિર્દોષ માણસને બહુ જ દુ:ખ થાય છે. હમણાં - હમણાં લાખો, કરોડો રૂપિયાનો વિશ્વાસઘાત કરી દગો કરીને કહેવાતી પેઢીઓ, ફાઈનાન્સ કંપનીઓ ઊઠી જાય છે અને નિર્દોષ લોકોના રૂપિયા તેમાં ડૂબી જાય છે.**

**'દગા કિસીકા સગા નહીં' એમ સમજીને જ કહેવાયું છે. વફાદારીની કિંમત સોનાની લગડી કરતાંય વધુ હોય છે પણ વિશ્વાસઘાતની કોઈ કિંમત હોતી નથી. ફેક્ટરીનો માલિક, ગાદીનો રાજા,, દેશનો નેતા કે કુટુંબનો મોડવી તેનું સામ્રાજ્ય અને કારભાર તો જ ચલાવી શકે જો તેને વફાદાર સાથીદાર મળે. જો વિશ્વાસઘાતી કે દગો કરનારા મળે તો ?**

**પત્ની ગમે તેવી રૂપાળી અને હોંશિયાર હોય પણ જો વિશ્વાસઘાત કરનારી કે દગો કરનારી હોય તો તેનું રૂપ રાખ બરાબર છે. રૂપથી સંસારનું ગાડું ચાલતું નથી. સંસાર વિશ્વાસઘાત અને દગાથી ચાલતો નથી પરંતુ વફાદારી અને નિષ્ઠાથી ચાલે છે. ફેક્ટરીમાં કે વેપારી પેઢીમાં ખૂબ ચતુર માણસ હોય તો તે ચતુરાઈ ઉપયોગી છે પણ વિશ્વાસઘાત ઉપયોગી નથી. શેઠની ફેક્ટરી અને વેપારને ખાડામાં નાખે છે. અવગુણો હશે તો સુધારી શકાય પણ વિશ્વાસઘાત કરે કે દગો કરે તો તેને સુધારી શકાતો નથી.**

**બીજા અવગુણો સહન થાય પણ વિશ્વાસઘાત માણસને ઊંડો આઘાત પહોંચાડે છે. માટે ક્યારેય પણ કોઈની સાથે વિશ્વાસઘાત, દગો ન કરવો જોઈએ.**

# ચાંદ બધાને ના મળે પણ રોશની માટે દીવો પર્યાપ્ત છે



## જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી
mmtrivedi007@gmail.com

આપણે મતલબથી મતલબ રાખતા નથી એટલે જીવનનાં દિવસો બહુ ભારે લાગવા માંડે છે કારણ કે સ્વાર્થી હોવાનું 'લેબલ' લાગી જાય તે કોઈને ગમતું નથી. જીવનમાં બધા જ લોકોનું યોગદાન સ્વયં કે સહેતુક પણ અવશ્ય હોય છે! સફળતા ના મળે તો બીજા ઉપર દોષારોપણ કરવું એ જ મોટી ખામી આપણા સમાજમાં અવશ્ય દેખાય છે. ભગવાન બાળપણમાં જ આકાશી ચાંદ માટે જીદ કરી બેઠા તો બધા મૂંઝવણમાં મુકાઈ ગયા કે હવે ચાંદ ધરતી ઉતર કેમ લાવવો ? બાળગઠ સામે ભલભલા ને ઝૂકવું પડે છે. એટલે ઘણા વિચાર કર્યા પરંતુ કંઈ માર્ગ સુઝ્યો નહીં છેવટે એક માર્ગ નિકળ્યો કે વાસણ જે થાળી જેવું હોય તેમાં ચોખ્ખું જળ ભરીને ખુલ્લામાં મૂકો અને તેમાં ચાંદનું પ્રતિબિંબ પડશે અને ચાંદને પકડી શકાશે !! આ વાત અહીં પ્રત્યેક ઘરમાં લાગુ પડતી જોવા મળે છે. ગુજરાતની પ્રજા ઉત્સવપ્રિય છે અને દંભ ટકાવવા પણ દેવું થઈ જાય તો ચિંતા કરતી નથી એટલે જ અપ્રિય ઘટનાઓ પણ અટકતી નથી જે અંગે વર્તમાનપત્રોમાંથી રોજ સૌને જાણવા મળે છે. ઉત્સવ પ્રિય હોવું એ ખરાબ બાબત નથી, પણ આર્થિક પાયમાલીની છબિ નીચે પછી જીવવાનું કપરૂં થઈ જાય છે. બધાની પસંદગી સર્વોત્તમ જીવન શૈલી જ છે પણ ત્યાં આર્થિક સક્ષમતાના તત્ત્વને વિચારવામાં કમી છે માટે સમય જતા નિરાશા અને પરિણામો તેવા જ પ્રકારના મળે છે. આજના ડિજિટલ વિશ્વમાં માનવી વાસ્તવિક વિશ્વથી દૂર ખસતો જાય છે એ કરૂણતા ઊભી થઈ છે બધુ જ ડિજિટલ એટલે અતિ ગતિ, કમ મતિ અને વિવેકશૂન્ય થયા તો દુર્ગતિ એ ક્રમ ચાલી રહ્યો છે. સુખનો આભાસ અવિરત થયા કરે પણ નક્કર કંઈ મળે જ નહીં તેવી દુનિયામાં અપરાધ ના વધે તો નવાઈ લાગે ! કર્મનો મર્મ સમજાય નહીં અને અપેક્ષાઓને ત્યજી શકાય નહીં તો દરેક કાર્ય અંતે તણાવ અને દુ:ખ ઉત્પન્ન કરતું હોય છે.

જરૂરી કાર્ય કરવા એ પ્રાથમિકતા છે અને ઈશ્વરના ભરોસે બેસી રહેવાથી કંઈ પ્રાપ્ત થાય પણ નહીં. આચાર, વ્યવહાર અને પ્રાયશ્ચિત પોતાની સક્ષમતા મુજબ કરા એ પ્રકારની વાત સ્વામિનારાયણ ભગવાને શિક્ષાપત્રીમાં કહેલી છે! ચાંદ મેળવવાના પ્રયાસો એ ઉમદા હકીકત છે પરંતુ અંતે યાદ એ રાખવું પડે કે દીવડાનો પ્રકાશ હંમેશા દીશા દર્શાવી શકે છે એ જ જીવન સફરનું તારણ છે. ઊંચા લક્ષ્ય સામે પ્રાપ્તિમાં ઘણા વિઘ્નો પણ આવી શકે માટે મળ્યું તેનો આદર અને મળ્યાનો સંતોષ ખુબ જરૂરી બની જાય છે. સ્પર્ધાનો કોઈ છેડો નથી, વસ્તી વૃદ્ધિ અટકતી નથી એટલે પ્રત્યેક વ્યક્તિને સદાય નિરાશા ઘેરી વળે છે. યોગગુરુ રામદેવજી બાબા એ હાલમાં જે વાત વ્યકત કરી એ ખૂબ જ વિચારવા જેવી અને મૂલ્યવાન છે. ભારતમાં બધી સમસ્યાઓનું મૂળ વધતી જતી આબાદી છે. જેના લીધે વિકાસ દેખાતો નથી. બે થી વધુ સંતાનો નહીં રાખવા માટેના કેટલાક સૂચનો પણ યોગગુરુએ કર્યા છે તે કહે છે કે હું ભાવિ ભારતીય બાળકને કંગાળ, ગરીબ, દુર્બળ,જોબલેસ જોવા ઈચ્છતો નથી. ભારતને સમૃદ્ધ ઊર્જાવાન શક્તિશાળી બનાવવા માટે વધતી વસ્તી ઉંપર નિયંત્રણ મૂકવું જ પડશે જે સરકાર માટે અઘરું છે છતાં આ દિશામાં નક્કર કરવું પડશે ! અર્થશાસ્ત્રીઓ જે થઈ ગયા તેમાં માલ્થેશિયન થિયરીમાં એક દર્શાવ્યું છે કે જો સભ્ય માનવ સમાજ વસ્તીને અંકુશિત ના કરે તો કુદરત ભૂકંપ, પુર, સૂનામી વગેરે કારણોથી વસ્તી અવશ્ય ખતમ કરી સંતુલનનો પ્રયાસ કરે જ છે. સરકાર પુષ્કળ યોજનાઓ લાવી શકે અને નાણાં ફાળવી શકે પણ સફળતાનો આધાર અંતે તો લોકોના ચારિત્ર્ય, વિચારશુદ્ધિ, વગેરે ઉપર જ વધુ રહેતો હોય છે! બીજું વધતી વસ્તીના લીધે માળખાકીય સુવિધાઓનું વિસ્તરણ દેખાતું નથી એ જબરી કડવી હકીકત છે. બધાને જોબ સરકાર આપી શકે એમ માનવું પણ બહુ ઊચિત નથી. ચૂંટણીઓ ચાલ્યા જ કરે છે પણ લોકહિતના કાર્યો પણ સદાચાર, શુદ્ધિ અને નિષ્ઠાથી ચાલતા રહેશે તો કોઈ પણ નેતાને ભાષણો કરવાની જરૂર પણ પડશે નહીં !!

નારદમુનિએ ભગવાન કૃષ્ણને પૂછ્યું - દુનિયામાં બધા દુ:ખી શા માટે છે ? ત્યારે શ્રીકૃષ્ણ ભગવાને હસીને એટલું જ કહ્યું - સુખ તો બધા પાસે છે પરંતુ એકનું સુખ જોઈને બીજો દુ:ખી છે !

જિંદગીભર તોફાનો સાથે એવો સંબંધ રહ્યો
દરિયો જાણીતો ને કિનારો જ અજાણ્યો રહ્યો.

બધાનાં પોતિકા સ્વપ્ના અને અરમાનો છે અને તેનો અમલ બધા પોતાની શૈલી અને શક્તિથી કરે છે એટલે સામાજિક જીવન ધબકતું, દોડતું, મહેકતું લાગે છે તેમ છતાં ઊડીને આંખે વળગે તેવી વાત એ છે કે ભારતમાં પુષ્કળ પ્રયાસોને અંતે પણ સફળતા દૂર રહી જાય છે તેનો સીધો અર્થ એ છે કે આપણે ભ્રષ્ટાચારના આલિંગનને છોડ્યું નથી ! નાણાને હજી ઈશ્વરથી મોટું માનવાનું અટક્યું નથી. સંતોષને સુખ હજી જીવનમાં સાકાર કર્યું નથી માટે વિપત્તિઓ બંધ થઈ નથી, જીવવાની મજા તો ત્યારે આવે જયારે તમને ખબર હોય કે લોકો તમારો ઉપયોગ કરી રહ્યા છે તેમ છતાં તમે નિ:સ્વાર્થ ખર્ચાઈ રહ્યા હો. બધુ રાજકીય રીતે ના જોવાય કે મૂલવાય, સરકારો તો આવે અને જાય પરંતુ પ્રજાનું ઐક્ય અને ભાવનાઓમાં કમી કદી ના આવવી જોઈએ. જીવનની આધિ વ્યાધિ અને ઉપાધિમાં પણ અચૂકપણે સંતોષનોએક અહેસાસ તો થવો જ જોઈએ. ઈશ્વર બધાને બધુ આપતો નથી અને બધા ઈશ્વરને દિલથી ધારતા પણ નથી. જયોત સે જયોત જગાતે ચલો, પ્રેમ કી ગંગા બહાતે ચલો...!!

**શેર આસ્વાદ :**
**એ.સી. રૂમમાં રજાઈ ઓઢીને સુતેલી જિંદગી**
**ધૂળમાં આળોટતા બાળપણની ઈર્ષા કરે છે.**